# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૯ તા.૧૯-૧૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પોસ્ટલ જીવન વિમા(પી.એલ.આઇ.) યોજનાની જાણ થવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વૈજ્ઞાનિક યુગમાં યાંત્રીક સાધનોએ માનવજીવન સુખદ બનાવ્યું છે, તે નિર્વિવાદ છે. પંતુ આ વૈજ્ઞાનિક સાધનો-યંત્રોએ જ માનવજીવન સામે મોટો ખતરો પણ ઉભો કર્યો છે, અકસ્માતો અને માનવસર્જીત આફતો તેમજ કુદરતી આફતોથી માનવ સલામતી ખતરામાં આવી ગઇ છે. આવા કાળમાં દરેક વિચારશીલ માનવ પોતાના વહાલાં પરિવારજનોના અને ખુદ પોતાના પાછલા વર્ષો સુખમય વિતે તે માટે જીંદગીનો વિમો ઉત્તરાવં તે અત્યંત આવશ્યક છે.

આ માટે કેન્દ્ર સરકાર, પોષ્ટ ખાતા મારફતે વિશિષ્ટ કલ્યાણકી પોસ્ટલ જીવન વિમા યોજના ફક્ત સરકારી તેમજ અર્ધ-સરકારી કર્મચારીઓ તમામ શૈક્ષણિક સંસ્થાઓ (સરકાર માન્ય), જાહેર ક્ષેત્રના ઉપક્રમમાં કામ કરતા દરેક કર્મચારીઓ તથા તમામ ટેક્નીકલ એજ્યુકેટેડ પ્રોફેશ્નલ જેવા કે ડોક્ટર, એન્જીનિયર, વકીલ, સી.એ. વગેરે જેવા પ્રેક્ટીશ કરનાા વ્યસાયિકો માટે જ ચલાવે છે જેમાં વધુમાં વધુ ૫૫ વર્ષની ઉંમર સુધી પચાસ લાખ સુધીનો વિમો લઇ શકાય છે.

**આ યોજનામાં નીચેના મુખ્ય ફાયદા છે.**

૧. ઓછુ પ્રિમીયમ
૨. વધારે બોનસ
૩. ઈન્કમટેક્ષમાં રાહત
૪. પાકે ત્યારે મળતી રકમ ૧૦(૧૦)(ડી) મુજબ કર મુક્ત
૫. પાસબુક દ્વારા તથા ઓનલાઇન પ્રિમીયમ ભરવાની સગવડ
૬. સરળ લોન
૭. એડવાન્સ ૬ માસ કે ૧૨ માસનું ભરવાથી ૧% કે ૨% રીબેટ મળવાપાત્ર

શાળામાં નિમણુંક પામેલ વિદ્યાસહાયકો પણ આ યોજનાનો લાભ મેળવી શકે છે.

પોષ્ટલ જીવન વિમાની જેવી કલ્યાણકારી યોજનાની વધુ માહિતી આપવા પોષ્ટલ ડીપાર્ટમેન્ટના ફીલ્ડ ઓફિસરશ્રી સંદીપ ફડીયા તમારી શાળાની મુલાકાતે આવે તો તેમને શાળાના સઘળા કર્મચારીઓનો સંપર્ક કરાવી, કર્મચારીના કલ્યાણ માટેની સરકારી યોજનાના પ્રચાર અને પ્રસાર માટેના સરકારી કાર્યમાં સહકાર આપશો.

તા.૧૯-૧૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી